# ગુજરાત સરકારની ખેલકુદ નીતિ જાહેર

ગાંધીનગર,તા.૯

ગુજરાતની ખેલકુદ નીતિ -૨૦૧૬ જાહેરાત આજે ગુજરાતના રમત ગમત રાજયમંત્રી શ્રી નાનુભાઇ વાનાણીએ વિધાનસભામાં કરી હતી. ત્યારબાદ તેમણે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ ગુજરાત ખેલકુદ નીતિ ૨૦૧૬ તૈયાર કર વામાં આવી છે. તેનો હેતુ ખેલકુદ અને ખેલાડીઓને પ્રોત્સાહન આપવાનો અને ગતિશીલ ખેલકુદ વાતાવરણ ઉભું કરવાનો છે. આ નીતિ અનુસાર ગુજરાતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમત ગમતો યોજવામાં આવશે તથા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ખેલકુદ સ્પર્ધાઓમાં ગુજરાતના જે ખેલાડીઓ વિજેતા બનશે તેમને રોકડ સહાય ઉપરાંત ઉચ્ચ અધિકારીની રોજગારી આપવામાં આવશે.

## રાજ્યમાં ખેલકુદ અને ખેલાડીઓને પ્રોત્સાહન આપવા વિજેતા ખેલાડીઓને રોકજ પુરસ્કાર તથા સરકારમાં ઉચ્ચ અધિકારી પદે નોકરી અપાશેઃમંત્રી નાનુભાઈ વાનાણી

તેમણે રોકડ પુરસ્કારની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે સુવર્ણ ચંદ્રક મેળવનાર વિજેતા ખેલાડી ઓલિમ્પિક રમતોમાં વિજેતા પાંચ કરોડ એશિયાની રમતોમાં ૨ કરોડ રાષ્ટ્ર સમૂહ રમતોમાં ૧ કરોડ રાષ્ટ્ર સમૂહ એશિયન ચેમ્પિયનશીપમાં ૫૦ લાખ સિનિયરને તથા જુનિયરને ૨૫ લાખ તેમજ રાષ્ટ્રીય રમતોમાં ચેમ્પિયનશીપ મેળવનારને ૩ લાખ આપવામાં આવશે. આવી રીતે બીજા ક્રમાંકે આવનાર અને રજત ચંદ્રક મેળવનારને ઓલિમ્પિક રમતોમાં વિજેતાને ૩



કરોડ,એશિયન રમતોમાં એક કરોડ રાષ્ટ્ર સમૂહ રમતોમાં ૫૦ લાખ રાષ્ટ્ર સમૂહ એશિયન ચેમ્પિયનશીપ સિનિયરને ૩૦ લાખ જુનિયરને ૧૫ લાખ અને રાષ્ટ્રીય રમોત્સવ ચેમ્પિયનશીપમાં ૨ લાખ આપવામાં આવશે.

બીજા ક્રમાંકે આવનાર કાંસ્ય પદક મેળવનારને ઓલિમ્પિક રમતોમાં ૨ કરોડ ,એશિયન રમતોમાં ૫૦ લાખ,રાષ્ટ્ર સમૂહ રમતોમાં ૨૫ લાખ રાષ્ટ્ર સમૂહ ચેમ્પિયનશીપ સિનિયરને ૨૦ લાખ જુનિયરને ૧૦ લાખ અને રાષ્ટ્રીય રમતો ચેમ્પિયનશીપમાં કાંસ્ય પદક મેળવનારને ૧ લાખની રોકડ રકમ ની સહાયતા આપવામાં આવશે.

આ ઉપરાંત ખેલાડીઓને રોજગારીનો પ્રશ્ન સતાવતો હોય છે આથી રાજ્ય સરકારે આ રોજગારીનો પ્રશ્ન પણ આ ખેલકુદ નીતિમાં સામેલ કર્યો છે. ગુજરાતના વતની હોય તેવા વિજેતા ખેલાડીઓને ઓલિમ્પિક કે એશિયન રમતોમાં સુવર્ણ ચંદ્રક મેળવે તો વર્ગ ૧ના અધિકારી તરીકે તથા રજક

(અનુસંધાન દશમાં પાને)